**ક્રિમીનલ કેસ નં.૧૯૮૬૦/૨૦૧૯**

આરોપી : હાર્દિક પટેલ

## <u>હુકમ</u>

આ કામે અરોપી સામે ત.ક. અમલદારે ~~ઈ.પી.કો. કલમ ૨૭૯,૩૩૭/૧૮૮/૨૮૩/ જુગારધારાની કલમ ૧૨, /૧૨ એ ,~~ એમ.વી.એકટ ૧૮૫, ~~જી.પી.એકટની કલમ ૧૨૪/૧૨૨/૧૧૦, પ્રોહી.એકટની કલમ ..................~~. મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે. મજકુર કામે આજરોજ આરોપીએ હાજર થઈ કબુલાત પુરશીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતો હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે પોતે ગરીબ વર્ગ નો છે અને કુટુંબની જવાબદારી તેને શીરે છે. કાયદા પ્રત્યે માન છે, અને અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનું નીવેદન લેતા તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઈએ તેને કોઈ લાલચ કે પ્રલોભન આપેલ નથી. ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતો હોઈ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત તેની સામાજિક અને આર્થીક સ્થિતિ અને જે સંજોગોમાં ગુન્હો બનવા પામેલ છે તે તમામ હકીકતને નિગાહે લેતા આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કીસ્સો જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ. સ્ટેટ નો ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૫(૧), પેજ નં. ૭૦૯ ઉપર પ્રકાશિત થયેલ છે તે ઘ્યાને લેતા આરોપીને આવા કીસ્સામાં ન્યુનત્તમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોઈ આરોપીની કબુલાત ઘ્યાને લેતા આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

### :: <u>આખરી હુકમ</u> ::

– આરોપી/ઓ ને સી.આર.પી.સી.ની કલમ ૨૫૨ અન્વયે ~~ઈ.પી.કો. કલમ ૨૭૯,૩૩૭/૧૮૮/૨૮૩/ જુગારધારાની કલમ ૧૨, ૧૨ એ ,~~ એમ.વી.એકટ ૧૮૫~~, જી.પી.એકટની કલમ ૧૨૪/૧૨૨/૧૧૦, પ્રોહી.એકટનીકલમ .....................~~ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા. <u>૧૦૦૦/–</u>અંકે <u>રૂપિયા એક હજાર પુરા </u>.નો દંડ કરવાનો અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન– ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

– મુદ્દામાલ જો દારૂ/વોશ હોય તો તેનો નાશ કરવો. હરાજી કરવા પાત્ર હોય તો હરાજી કરી ઉપજેલ રકમ સરકાર ખાતે જમા કરવી. પ્રતિબંધીત હથીયાર હોય તો તેનો નાશ કરાવવો. કોઈ વાહન હોય તો અગાઉ વચગાળાની કસ્ટડીનો કરેલ હુકમ કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૦૯ માહે માર્ચ સને ૨૦૧૯ના રોજ સ્પેશીયલ મેજીસ્ટ્રેરીયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૩/૦૭/૨૦૧૯
વડોદરા

(K. G. Patel)
**4th Addl. J.M.F.C.**
**VADODARA.**
**Code No. GJ01285**